# આજથી વિધાનસભામાં ત્રણ દિવસ ટૂંકું સત્ર: સરકાર સામે વિપક્ષનો મોરચો

**કોંગ્રેસ**-આપ વરસાદની ખેંચ, ખેડૂતોની મુશ્કેલી, બેરોજગારી અને કથળતી કાયદો-વ્યવસ્થા મુદ્દે સરકારને ઘેરવાની તૈયારીમાં

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસીય ચોમાસુ સત્ર આવતીકાલે તા. 9 સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે ગાંધીનગરમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. વિધાનસભા સંકુલની અંદર સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો જંગ જામશે, તો બીજી તરફ વિધાનસભાની બહાર પણ વિપક્ષ દ્વારા સરકાર સામે વિરોધ પ્રદર્શન યોજીને વિવિધ લોકપ્રશ્નોને ઉગ્ર રીતે ઉઠાવવાની તૈયારીઓ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા સત્ર દરમિયાન આશરે 8 જેટલા વિધેયકો ચર્ચા અને મંજૂરી માટે રજૂ કરવામાં આવનાર છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વરસાદની ખેંચ, ખેડૂતોની સ્થિતિ, બેરોજગારી, મોંઘવારી, ભરતીના પેપર લીક અને કાયદો-વ્યવસ્થા સહિતના મુદ્દે સરકારને ઘેરવાની રણનીતિ સાથે મેદાનમાં ઉતરશે. ત્રણ દિવસીય સત્રને ધ્યાનમાં રાખીને ગાંધીનગરમાં સુરક્ષા વ્યવસ્થા પણ સઘન બનાવવામાં આવી છે. વિધાનસભા સંકુલની અંદર તેમજ બહાર પોલીસ દ્વારા સુરક્ષાના વધારાના પગલાં લેવામાં આવ્યા છે. સત્ર દરમિયાન વિપક્ષના વિરોધ કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને ગાંધીનગરમાં પણ પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે.

### મોંઘવારી-પેપર લીકથી ખેડૂતોના પ્રશ્નો સુધી ગાજશે ગૃહ

ત્રણ દિવસના સત્રમાં પ્રશ્નોત્તરી, સરકારી કામકાજ અને વિવિધ વિધેયકો પર ચર્ચા દરમિયાન અનેક મુદ્દે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ગરમાગરમી થવાની શક્યતા છે. ખાસ કરીને વરસાદની અસમાન સ્થિતિ અને કેટલાક વિસ્તારોમાં વરસાદની ખેંચના કારણે ખેડૂતોને પડી રહેલી મુશ્કેલીઓ વિપક્ષ માટે મુખ્ય રાજકીય હથિયાર બની શકે છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે રાજ્યના કેટલાક તાલુકાઓમાં પૂરતો વરસાદ ન પડતાં અને સિંચાઈના પાણીની અછત સર્જાતા ખરીફ પાકને નુકસાન થઈ રહ્યું છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટિના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતાં તૈયાર પાકને નુકસાન થયું છે. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે કુદરતી આફતની સાથે વહીવટી તંત્રની નિષ્ક્રિયતાના કારણે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. સત્રના પ્રથમ દિવસથી જ કોંગ્રેસ સરકાર સામે મોંઘવારી, બેરોજગારી, ભરતી પરીક્ષાના પેપર લીક અને કાયદો-વ્યવસ્થાના મુદ્દે આક્રમક બનવાની તૈયારીમાં છે. કોંગ્રેસનો દાવો છે કે સતત વધતી મોંઘવારીના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું ઘરખર્ચનું બજેટ ખોરવાઈ ગયું છે. ભરતી પરીક્ષાના પેપર લીકના મુદ્દે પણ કોંગ્રેસ યુવાનોના ભવિષ્યનો પ્રશ્ન આગળ ધરી સરકારને ઘેરશે. કોંગ્રેસનો આક્ષેપ છે કે સરકારી ભરતી પ્રક્રિયામાં વારંવાર સર્જાતા વિવાદોના કારણે લાખો યુવાનોની મહેનત અને રોજગારની આશાને મોટો ફટકો પડ્યો છે.

### આજે સત્યાગ્રહ છાવણીમાં કોંગ્રેસનું શક્તિપ્રદર્શન

વિધાનસભા સત્રના પ્રથમ દિવસે જ કોંગ્રેસ દ્વારા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે સવારે 11 વાગ્યે ધરણાં-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ડૉ. તુષાર ચૌધરીની આગેવાની હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં રાજ્યના વિવિધ લોકપ્રશ્નોને લઈને સરકાર સામે વિરોધ નોંધાવવામાં આવશે. પ્રદર્શનને સફળ બનાવવા માટે ગાંધીનગરના સેક્ટર-22 સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

### ધારાસભ્ય ચૈતર વસાવાની હાજરી પણ રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ બની રહેશે

આ સત્રમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની હાજરી પણ રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ બની રહેશે. ફોરેસ્ટ કર્મચારીઓ પર હુમલાના કેસમાં નર્મદા કોર્ટે તેમને સાત વર્ષની કેદની સજા ફટકારી છે અને તેઓ વડોદરાની જેલમાં સજા ભોગવી રહ્યા છે. વિધાનસભાના ચોમાસુ સત્રમાં હાજરી આપવા માટે તેમણે હંગામી જામીનની માગ કરી હતી. ગુજરાત હાઈકોર્ટે તેમને એક અઠવાડિયાના જામીન મંજૂર કર્યા છે. જેલમાંથી મુક્ત થયા બાદ સાત દિવસ સુધીની આ રાહત દરમિયાન તેઓ ગાંધીનગરની બહાર જઈ શકશે નહીં. હાઈકોર્ટે તેમના પર લોકો તથા મીડિયાને સંબોધન નહીં કરવાની શરત પણ મૂકી છે. જેના કારણે સત્ર દરમિયાન તેમની હાજરી અને ગૃહમાં તેમના દ્વારા ઉઠાવવામાં આવનારા મુદ્દાઓ પર પણ રાજકીય વર્તુળોની નજર રહેશે.

# કોડીનયુક્ત દવાઓ ગેરકાયદે વેચાણ સામે ઝુંબેશ

**7 પેઢીને** નોટિસ, 1નો વેચાણ પરવાનો રદ, 83 લાખનો જથ્થો પ્રતિબંધિત કરાયો

ગાંધીનગરઃ કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદેસર ઉપયોગ, અનધિકૃત સંગ્રહ અને વેચાણ સામે ગુજરાતના ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ રાજ્યવ્યાપી વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચના બાદ તા. 1 સપ્ટેમ્બર, 2026ના રોજ શરૂ કરાયેલી આ કાર્યવાહીમાં અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર અને મહેસાણા સહિતના વિસ્તારોમાં દવાના વેપારીઓની સઘન તપાસ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન 83.07 લાખથી વધુ કિંમતની કોડીનયુક્ત દવાનો જથ્થો પ્રતિબંધિત કરવામાં આવ્યો છે, જ્યારે સાત પેઢીઓને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે અને એક પેઢીનો દવા વેચાણનો પરવાનો રદ કરવામાં આવ્યો છે.

### બાલાજી ફાર્મામાં 37,762 બોટલનો જથ્થો મળ્યો

અમદાવાદ ગ્રામ્ય-ગાંધીનગર વિસ્તારમાં આવેલી બાલાજી ફાર્મામાં તપાસ દરમિયાન કોડીન ઘટક ધરાવતી રેક્સટોન-ટી સિરપની 37,762 બોટલ મળી આવી હતી. પ્રતિ બોટલ રૂ. 220ની કિંમત પ્રમાણે આ જથ્થાની અંદાજિત કિંમત રૂ. 83,07,640 થાય છે. દવાનો આ જથ્થો વધુ ઉપયોગ કે વેચાણ ન થાય તે માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. સાથે જ નિયત પ્રક્રિયા મુજબ પૃથ્થકરણ માટે દવાનો નમૂનો લેવામાં આવ્યો છે. પેઢીના ખરીદ-વેચાણના રેકોર્ડની તપાસ દરમિયાન મુખ્યત્વે કોડીન ઘટક ધરાવતી દવાઓનો વેપાર થતો હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં જણાયેલી ક્ષતિઓ અંગે પેઢીને કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે.

### એક પેઢીનો પરવાનો કાયમી રદ

કલોલની હેલ્થ પોઇન્ટ ફાર્મામાં અગાઉ હાથ ધરાયેલી તપાસમાં ક્ષતિઓ જણાઈ હતી. પેઢીને કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો હતો, પરંતુ પેઢીનો ખુલાસો સંતોષકારક ન જણાતા દવા વેચાણનો પરવાનો રદ કરવામાં આવ્યો છે.

### અન્ય પેઢીઓમાં પણ રેકોર્ડની ઝીણવટભરી તપાસ

ચાંગોદરની ફાર્માલિન લાઇફસાયન્સિસ, સાંતેજની રેઇન રેમેડીઝ, વિસનગરની કેપિટલ ફાર્મા અને અમદાવાદની એચઆરડીએમ ગ્લોબલ સોલ્યુશન્સ સહિતની પેઢીઓમાં કોડીનયુક્ત દવાઓના ખરીદ-વેચાણના બીલો, સ્ટોક અને અન્ય દસ્તાવેજોની તપાસ કરવામાં આવી છે. તપાસમાં ક્ષતિઓ જણાતા સંબંધિત પેઢીઓને કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે.

### ‘ઝીરો ટોલરન્સ’ની નીતિ સાથે કાર્યવાહી ચાલુ રહેશે

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું છે કે કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદેસર સંગ્રહ, અનધિકૃત વેચાણ અને ગેરઉપયોગ સામે તંત્ર દ્વારા ‘ઝીરો ટોલરન્સ’ની નીતિ અપનાવવામાં આવી છે. નિયમોનું ઉલ્લંઘન કરનારી પેઢીઓ સામે લાગુ કાયદા અને નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. વિશેષ ઝુંબેશ હેઠળ હોલસેલ અને રિટેલ વેપારીઓના સ્ટોક ઉપરાંત ખરીદ-વેચાણના બીલો, રેકોર્ડ અને વિતરણ વ્યવસ્થાની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.આમ, કોડીનયુક્ત દવાઓના ગેરકાયદેસર વેપાર સામેની કાર્યવાહીમાં એક પેઢીનો પરવાનો રદ કરવામાં આવ્યો છે, જ્યારે સાત પેઢીઓ સામે કારણદર્શક નોટિસની કાર્યવાહી હાથ ધરાઈ છે અને લાખો રૂપિયાનો દવાનો જથ્થો પ્રતિબંધિત કરવામાં આવ્યો છે.

# આપણે ૪૫૦ વર્ષોથી સ્કૂલોમાં પૃથ્વીનો ખોટો નકશો કેમ ભણતા હતા?

ટુ ધ પોઈન્ટ

■ સંજય વોરા ■

આપણે સ્કૂલમાં હતા ત્યારથી ભણતા આવ્યા છીએ કે પૃથ્વી દડા જેવી ગોળ છે, પણ પાઠ્યપુસ્તકોમાં પૃથ્વીના જે નકશા આપવામાં આવતા હતા તે પૃથ્વીને સપાટ માનીને આપવામાં આવતા હતા, કારણ કે પાઠ્યપુસ્તકમાં દડા જેવો ગોળ નકશો આપી શકાતો નથી. હવે અચાનક આપણને કહેવામાં આવે છે કે સેંકડો વર્ષોથી આપણે પૃથ્વીના જે નકશાઓ જોતા આવ્યા છીએ તે ખોટા હતા, કારણ કે તેમાં આફ્રિકા ખંડ તેના મૂળ કદ કરતાં નાનો દેખાડવામાં આવતો હતો અને ધ્રુવ વિસ્તારમાં આવેલા કેટલાક પ્રદેશો તેના મૂળ કદ કરતાં મોટા દેખાડવામાં આવતા હતા. આ સમાચાર વાંચીને પહેલો સવાલ એ થાય કે જો ખરેખર આવું હતું તો આપણા ભૂગોળના શિક્ષકે આપણને તે વાત જણાવી કેમ નહીં? કે પછી ભૂગોળના શિક્ષક પણ તે બાબતથી અજાણ હતા? હવે જ્યારે આપણી સમક્ષ પૃથ્વીના વાસ્તવિક નકશા મૂકવામાં આવ્યા છે ત્યારે બીજો સવાલ એ થાય કે અમારે આ નકશા પર પણ વિશ્વાસ કેમ કરવો, કારણ કે તેમાં પૃથ્વી સપાટ દર્શાવવામાં આવી છે.



સંયુક્ત રાષ્ટ્રએ વિશ્વના સૌથી વધુ ઉપયોગમાં લેવાતા નકશામાં ફેરફાર કરવાની હાકલ કરી છે અને કહ્યું છે કે તે ખંડોના સાચા આકારને વધુ સચોટ રીતે પ્રતિબિંબિત કરે છે. યુએન જનરલ એસેમ્બલીએ ‘નકશા સુધારો’ નામનો ઠરાવ પસાર કર્યો છે. તેનો હેતુ મર્કેટર નકશામાં એક ભૂલ સુધારવાનો છે, જે આફ્રિકાને લગભગ ગ્રીનલેન્ડ જેટલું જ કદ દર્શાવે છે, જ્યારે વાસ્તવમાં આફ્રિકા ગ્રીનલેન્ડ કરતાં લગભગ ૧૪ ગણું મોટું છે. મર્કેટર નકશો આજે વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતો વૈશ્વિક નકશો માનવામાં આવે છે. તે ૧૫૬૯માં બેલ્જિયમના ફ્લેમિશ પ્રદેશના ગેરાર્ડસ મર્કેટર દ્વારા બનાવવામાં આવ્યો હતો. યુનિવર્સિટી કોલેજ લંડનના કાર્ટોગ્રાફીના પ્રોફેસર જેમ્સ ચેશાયરના મતે આ નકશો બનાવવાનો મુખ્ય હેતુ યુરોપિયન ખલાસીઓને સમુદ્રમાંથી રસ્તો શોધવામાં મદદ કરવાનો હતો. તે ઇચ્છતો હતો કે નકશા પર દોરેલી સીધી રેખા જો તે હોકાયંત્રની દિશાને અનુસરે તો વાસ્તવિક દુનિયામાં સીધી દેખાય, જ્યારે હકીકતમાં તે વર્તુળાકાર હોવી જોઈએ. સંયુક્ત રાષ્ટ્રએ સમાન પૃથ્વી પ્રક્ષેપણ નામનો એક નવો નકશો અપનાવ્યો છે, જે વિશ્વના વિવિધ ભાગોના કદને વધુ સચોટ રીતે પ્રતિબિંબિત કરે છે. જો કે, તેમાં પણ કેટલીક ખામીઓ છે.

સપાટ નકશા પર ખૂણાઓને સાચા રાખવા માટે મર્કેટરે વિષુવવૃત્તથી ધ્રુવો તરફ આગળ વધતાં ગ્રીડ રેખાઓ વચ્ચેનું અંતર વધારવું પડ્યું હતું. આગળ વધતા પહેલાં સમજી લો કે વિષુવવૃત્ત એ શૂન્ય ડિગ્રી અક્ષાંશ પર સ્થિત એક કાલ્પનિક રેખા છે. તે પૃથ્વીને ઉત્તરીય અને દક્ષિણ ગોળાર્ધમાં વિભાજિત કરે છે. વધુમાં, પૃથ્વીના સૌથી ઉત્તરીય અને દક્ષિણીય બિંદુઓને ધ્રુવો કહેવામાં આવે છે. મર્કેટર દ્વારા બનાવેલા નકશામાં પૃથ્વીની ગોળાઈ એવી રીતે દર્શાવવામાં આવી છે કે વિષુવવૃત્તની નજીકના દેશો તેમના વાસ્તવિક કદ કરતાં ઘણા નાના દેખાય છે. તે જ સમયે, ધ્રુવોની નજીકના દેશો વિસ્તરેલા અને મોટા દેખાય છે. આવું એટલા માટે થાય છે કારણ કે દ્વિ-પરિમાણીય સપાટ નકશા પર ગોળાકાર પૃથ્વીની સપાટીને સંપૂર્ણપણે સચોટ રીતે રજૂ કરવી શક્ય નથી. ૪૫૦થી વધુ વર્ષો પછી પણ મર્કેટરનો નકશો આજે ઘણા નકશાઓનો આધાર છે. શાળાઓમાં, ટીવી પર અને ઇન્ટરનેટ પર જોવા મળતા ઘણા નકશા, જેમાં ગૂગલ મેપ્સનો પણ સમાવેશ થાય છે, આ નકશા પર આધારિત છે. પરંતુ મર્કેટર નકશાના ટીકાકારો કહે છે કે તે કેટલાક સ્થળોને તેમના વાસ્તવિક સ્થાન કરતાં નાના અને કેટલાકને તેમના વાસ્તવિક સ્થાન કરતાં મોટા બતાવે છે.

કેન્યાના ભૂગોળશાસ્ત્રી કિઓકો મુએન્ડોના મતે આ ખોટા નકશાથી આફ્રિકાના વિશાળ સંસાધનો, મોટી વસ્તી અને રોકાણની સંભાવના પરોક્ષ રીતે નબળી પડી છે. નકશા ફક્ત પ્રવાસીઓને માર્ગદર્શન આપતા નથી. તેઓ રાજકીય અને આર્થિક દૃષ્ટિકોણથી પ્રદેશને કેવી રીતે જોવામાં અને સમજવામાં આવે છે તેને પણ આકાર આપે છે. સમાન પૃથ્વી નકશાનો હેતુ મર્કેટર પ્રોજેક્શનમાં દેશના કદની સમસ્યાની ભૂલ સુધારવાનો છે. તે ૨૦૧૮માં નકશાકારોની ટીમ દ્વારા બનાવવામાં આવ્યો હતો. તેનો હેતુ જમીનના વિવિધ ભાગોના કદ અને આકારને વધુ સચોટ રીતે રજૂ કરવાનો હતો. તે ૧૯૬૩ના રોબિન્સન પ્રોજેક્શનથી પ્રેરિત હતો. આ એક નકશો છે જે સમગ્ર પૃથ્વીની સપાટીને એકસાથે દર્શાવે છે. આ કારણોસર ફેબ્રુઆરીમાં આફ્રિકન યુનિયનના સભ્ય દેશોએ પણ સમાન પૃથ્વી નકશો અપનાવ્યો તે પહેલાં સંયુક્ત રાષ્ટ્રે તેને અપનાવ્યો. જોકે, તેમાં તે સીધી રેખાઓ છોડી દેવામાં આવી હતી, જે મર્કેટર પ્રોજેક્શનને દરિયાઇ માર્ગો શોધવા માટે ઉપયોગી બનાવતી હતી. વિવિધ સ્થળો વચ્ચેનું વાસ્તવિક અંતર આનાથી માપી શકાતું નથી.

જેમ કોઈ ભૂપ્રદેશનું સ્પષ્ટ કદ લોકોની નજરમાં તેના મહત્ત્વને પ્રભાવિત કરી શકે છે, તેવી જ રીતે નકશા પર તેનું સ્થાન પણ અસર કરી શકે છે. કેટલાક નકશાકારોએ દક્ષિણ દિશા ઉપર તરફ રાખીને નકશા પ્રદર્શિત કરવાનો પ્રયાસ કર્યો છે, જે એ ખ્યાલને પડકારે છે કે ગ્લોબલ સાઉથને ઓછું મહત્ત્વનું માનવામાં આવે છે, કારણ કે તેને તળિયે દર્શાવવામાં આવ્યું છે. વિશ્વના જુદા જુદા ભાગોમાં નકશાની મધ્યમાં કયો ખંડ મૂકવામાં આવ્યો છે, તે પણ બદલાઈ શકે છે. આ વૈકલ્પિક નકશા સામાન્ય નકશા કરતાં વિશ્વ પરત્વે જોવાનો એક અલગ દૃષ્ટિકોણ પ્રદાન કરે છે. નકશાના મધ્યમાં કયો ભૂમિભાગ દર્શાવવો જોઈએ અને તેથી કયો સૌથી વધુ મુખ્ય દેખાવો જોઈએ તે સમસ્યાનો એક ઉકેલ એ છે કે કેન્દ્રમાં કોઈ ભૂમિભાગ ન મૂકવો. સંયુક્ત રાષ્ટ્રના લોગોમાંનો નકશો આ સિદ્ધાંત પર આધારિત છે. તે ઉત્તર ધ્રુવની આસપાસ કેન્દ્રિત વિશ્વને દર્શાવે છે અને ત્યાંથી ખંડો બહારની તરફ ફેલાયેલા છે. આને એઝિમુથલ ઇક્વિડિસ્ટન્ટ પ્રોજેક્શન કહે છે. તે વિશ્વના વિવિધ ભાગોને એક કેન્દ્રબિંદુની આસપાસ ગોળાકાર નકશા પર દર્શાવે છે. પૃથ્વીના કેન્દ્રબિંદુથી કોઈ સ્થળ જેટલું દૂર હશે, નકશા પર તેનું વર્તુળ તેટલું મોટું હશે.

આવા નકશામાં બધા બિંદુઓ સાચા અઝીમુથમાં હોય છે, એટલે કે કેન્દ્રથી આડી દિશામાં હોય છે. જોકે, ગોળાકાર નકશા પર ગોળાની સમગ્ર સપાટીને પ્રક્ષેપિત કરવાથી કેટલીક વિકૃતિઓ થાય છે, જે નકશાના કેન્દ્રથી અંતર સાથે વધે છે. ઉદાહરણ તરીકે, યુનોના નકશામાં દક્ષિણ ધ્રુવની નજીકના વિસ્તારો સંકુચિત અને ખેંચાયેલા દેખાય છે. આવું એટલા માટે થાય છે, કારણ કે દક્ષિણ ધ્રુવ તરફનું વર્તુળ ઉત્તર ધ્રુવની આસપાસનાં સમાન પરિઘનાં વર્તુળ કરતાં ઘણું મોટું બને છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ વર્તમાન વિશ્વ નકશાને એવા નકશામાં બદલવા માટે મતદાન કર્યું છે જે આફ્રિકાના કદને વધુ સચોટ રીતે દર્શાવે છે. આ ઠરાવનો વિરોધ કરનાર એકમાત્ર દેશ અમેરિકા હતો. તેને ફ્રાન્સ અને બ્રિટન સહિત ૧૬૪ દેશોનો ટેકો મળ્યો, જ્યારે છ દેશોએ મતદાનમાં ભાગ લીધો નહીં. મતદાનનો વિરોધ કરતાં અમેરિકાના પ્રતિનિધિએ કહ્યું કે તે સંયુક્ત રાષ્ટ્રના કાર્ય અને હેતુની મજાક ઉડાવે છે. ટોગો આ પ્રસ્તાવનો સમર્થક હતો અને આફ્રિકન યુનિયનના સભ્યોએ પણ તેને ટેકો આપ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રમાં આ મતદાન બંધનકર્તા નથી, પરંતુ તે વિશ્વભરના સંગઠનો દ્વારા ઉપયોગમાં લેવાતા વિશ્વના નકશામાં પરિવર્તન લાવશે.

ભારતમાં નવા નકશા પર વિવાદ ઊભો થયો છે, કારણ કે તેમાં ભારતની ભૌગોલિક સીમાઓ અલગ રીતે દર્શાવવામાં આવી છે. જાહેર કરાયેલા નવા નકશામાં જમ્મુ અને કાશ્મીરના કેટલાક ભાગોને પાકિસ્તાન અને ચીનના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યા છે. નવા નકશા પરના વિવાદ અંગે ભારતના વિદેશ મંત્રાલયે એક નિવેદન બહાર પાડીને કહ્યું કે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશોને ભારતના સત્તાવાર નકશા મુજબ યુએન દ્વારા પ્રસ્તાવિત વિશ્વ નકશામાં દર્શાવવા જોઈએ અને કોઈપણ ખોટું અથવા ભ્રામક ચિત્રણ સ્વીકાર્ય રહેશે નહીં. ભારતે ઠરાવની તરફેણમાં મતદાન કર્યું અને પોતાના મતના કારણો આપતાં સમાન ક્ષેત્રફળવાળા નકશાનો ઉપયોગ કરવાના મૂળભૂત સિદ્ધાંત પર ભાર મૂક્યો હતો. ભારતના સાર્વભૌમ પ્રદેશો, જેમાં જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે, તેને ભારતના સત્તાવાર નકશા મુજબ દર્શાવવા જોઈએ. કોઈપણ ચિત્રણ જે ખોટું કે ગેરમાર્ગે દોરનારું હોય તે અસ્વીકાર્ય છે. ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પર અમારું વલણ સ્પષ્ટ છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**સંયુક્ત રાષ્ટ્રએ વિશ્વના સૌથી વધુ ઉપયોગમાં લેવાતા નકશામાં ફેરફાર કરવાની હાકલ કરી છે અને કહ્યું છે કે તે ખંડોના સાચા આકારને વધુ સચોટ રીતે પ્રતિબિંબિત કરે છે**

## BUSINESS મિત્ર

### ક્રુડમાં ઉછાળો અને વીકલી એક્સપાયરીના દબાણે નિફ્ટી 23,650ની નીચે સરકી

# તેલની આગમાં દાઝ્યું શેરબજાર: સેન્સેક્સ 555 પોઈન્ટ તૂટ્યો

**પ્રાઈવેટ** બેન્કિંગ અને આઈટી શેરોમાં ભારે વેચવાલી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 8:** વૈશ્વિક અનિશ્ચિતતાના સંઘર્ષની વચ્ચે ક્રુડ ઓઈલના ઉંચા ભાવોએ સ્થાનિક મેક્રો ઈકોનોમિક આઉટલુક પર ભાર મુક્યો તેમજ આજે નિફ્ટીની વીકલી એક્સપાયરીના લીધે વેચવાલીનું દબાણ વધ્યું હતું. જેથી આજે સપ્તાહના બીજા દિવસે સપ્તાહ આ ઘટાડો આગળ વધ્યો હતો. આ ઘટાડાનું મુખ્ય કારણ ક્રુડ ઓઈલના વધતા જતા ભાવ અને ટેન્શન છે. જો ક્રુડ ઓઈલના ભાવ વધીને 100ને પાર કરશે તો ભારતમાં ફરીથી પેટ્રોલ-ડિઝલના ભાવ વધારવાની ફરજ પડી શકે છે અને તેના લીધે ફુગાવો વધવાની ચિંતા વધી જશે, તેની સાથે વ્યાજદરમાં પણ વધારો કરવાની ફરજ પડશે. આજે નિફ્ટીએ 23650 પોઈન્ટની નીચે ઉતરી ગઈ છે. સેકટર વાઈઝ જોઈએ તો ખાનગી બેન્કો, ઓઈલ એન્ડ ગેસ અને આઈટી શેરોમા ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે મીડિયા, ફાર્મા અને એફએમસીજીના શેરોમાં પ્રગતિ થશે.

બીએસઈ સેન્સેક્સ 555.23 પોઈન્ટ એટલે કે 0.73 ટકા ઘટીને 75577.58 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 76012 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75553 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 144.05 પોઈન્ટ એટલે કે 0.61 ટકા ઘટીને 23650 પોઈન્ટની સપાટી તોડીને 23635.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23758 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23623 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 310.75 પોઈન્ટ એટલે કે 0.54 ટકા ઘટીને 56777.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે લીન્ડે ઈન્ડિયામાં 23.35 ગણા, એફકોન્સ ઈન્ફ્રા.માં 21.72 ગણા, જીઈ વર્નોવામાં 8.54 ગણા, નુવોકો વિસ્ટાસમાં 7.11 ગણા અને પીસીબીએલ કેમિકલ્સમાં 5.16 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ફાઈઝર લિ.માં 7.55 ગણા, પીસીબીએલ કેમિકલ્સમાં 7.03 ગણા, જ્યુબીલન્ટ ફાર્મોવામાં 5.87 ગણા અને પિરામલ ફાર્મામાં 5.25 ગણા અને વન સોર્સ સ્પેશ્યાલિટીમાં 5.03 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પસંદગીના શેરોમાં લેવાલી રહેતા વધ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.27 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.17 ટકા વધ્યો હતો. જોકે, માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 2102 શેરો વધ્યા હતા, જ્યારે 2280 શેરો ઘટ્યા હતા અને 244 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ 0.98 ટકા ઘટ્યો હતો. જેમાં આઈસીઆઈસીઆઈ બેન્ક, એક્સીસ બેન્ક, એચડીએફસી બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક અને ઈન્ડસઈન્ડ બેન્ક ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ શેરબજારમાં લેબર ડેની રજા બાદ સાવચેતીપુર્વક ફરીથી ખોલવા માટે તૈયાર હતું, મીડલ ઈસ્ટના તણાવ વચ્ચે ડાઉ ફ્યુચર્સ 290 પોઈન્ટ સુધી ઘટ્યો હતો, જેના લીધે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત છે. યુરોપિયન બજારોમાં ઘટાડા સાથે ખુલ્યા બાદ રીકવર થતા જોવા મળી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં મોટાભાગના ઘટાડા સ્તરે બંધ રહ્યા હતા. ક્રુડના ભાવ વધતા અને યુરોપિયન સેન્ટ્રલ બેન્ક વ્યાજદરમાં વધારાની નજીકની નિશ્ચિતતાની અસર જોવા મળી હતી. ફુગાવો વધુ વધશે તેવી ચિંતાએ વ્યાજદર વધવાની પુરેપુરી સંભાવનાઓ પ્રર્વતી રહી છે અને વિશ્વના મોટા ભાગના દેશો વ્યાજદર વધારો કરવાની દિશામાં આગેકૂચ કરતા જોવા મળી રહ્યા છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.05 ટકા, કેક 0.01 ટકા અને ડેક્સ 0.05 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.73 ટકા, સ્ટ્રેઈટસ 0.43 ટકા, હેંગસેંગ 0.38 ટકા, તાઈવાન 0.47 ટકા, કોસ્પી 0.59 ટકા ઘટ્યા હતા. જ્યારે જકાર્તા એક ટકા અને શાંઘાઈ 0.20 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### ડોલરમાં જબરદસ્ત રીકવરી

કરન્સી બજારમાં ક્રુડ ઓઇલના ભાવ વધતા અને ફુગાવો વધશે, વ્યાજદર વધશે તેવી ભીતિની પાછળ આજે ડોલરમાં જબરદસ્ત રીકવરી જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 31 પૈસા ઘટીને 94.82ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.50ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.25, પાઉન્ડ 128.13, કેનેડિયન ડોલર 68.71, ઓસ્ટ્રેલિયન ડોલર 68.26, જાપાનીઝ યેન 0.6158 અને સીંગાપોર ડોલર 0.6159ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.82 રૂ. |
| યુરો | 110.25 રૂ. |
| પાઉન્ડ | 128.13 રૂ. |
| યેન | 0.6164 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -555.23 | 75577.58 |
| નિફ્ટી | -144.05 | 23635.10 |
| બેન્ક નિફ્ટી | -310.75 | 56777.55 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારત ઇલે. | 1.62 | 410.55 |
| એચયુએલ | 1.02 | 1980.00 |
| ઓએનજીસી | 0.98 | 236.00 |
| આઇશર મોટર્સ | 0.98 | 7747.50 |
| અદાણી પોર્ટસ | 0.93 | 1710.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ લાઇફ | 2.04 | 1696.60 |
| ICICI બેન્ક | 1.97 | 1399.40 |
| એક્સીસ બેન્ક | 1.67 | 1244.90 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.49 | 11009.00 |
| લાર્સન-ટુબ્રો | 1.32 | 3946.10 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારત ઇલે. | 1.48 | 410.50 |
| અદાણી પોર્ટસ | 1.06 | 1708.85 |
| એચયુએલ | 0.84 | 1982.50 |
| ઇન્ટરગ્લોબ | 0.49 | 5009.25 |
| એચસીએલ ટેકનો | 0.23 | 1285.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ICICI બેન્ક | 2.00 | 1399.50 |
| એક્સીસ બેન્ક | 1.72 | 1245.45 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.23 | 11050.00 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 1.20 | 417.25 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.16 | 1294.30 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૪૧ | ------ | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ ’’ | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ ’’ | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૯૪૦ |
| તેજાબી સોનું | ૧૫૭૮૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૦૦૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૭૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૯૪૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૧૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૨૫૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૮૦૦ |
| એમ-30 | ૫૮૦૦ |
| એસ-30 | ૫૭૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |

# બ્રેન્ટ ક્રુડ 120 ડોલર પર પહોંચી જશે: ગોલ્ડમેન સાક્સ

**સાક્સની** આગાહી સાચી ઠરશે, તો ભારતીય અર્થતંત્ર માટે વિનાશકારી સાબિત થશે

મુંબઈ, તા. 8ઃ ક્રુડ ઓઈલના ભાવ ઘટવાનું નામ લઈ રહ્યા નથી. બ્રેન્ટ ક્રુડ અને ડબલ્યુટીઆઈ ક્રુડ બંનેમાં વધારો જોવા મળ્યો હતો. વૈશ્વિક ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રુડ વાયદો 1.49 ટકા વધીને 98.61 ડોલર પ્રતિ બેરલ પર બંધ રહ્યો છે. ડબલ્યુટીઆઈ ક્રુડ 2.72 ટકા વધીને 93.97 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યો હતો. 7મી સપ્ટેમ્બરના રોજ ક્રુડમાં પણ વધારો થયો હતો. ક્રુડના ભાવ જુલાઈ પછીના સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા છે. જે ભારત માટે સારા સમાચાર નથી.

ગોલ્ડમેન સાક્સે ક્રુડ 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચવાનો અંદાજ લગાવ્યો છે. અમેરિકાની અગ્રણી ઈન્વેસ્ટમેન્ટ બેન્કીગ કંપનીએ કહ્યું છે કે, જો હોર્મુઝની સામુદ્રધુનીમાં ઓઈલ ટેન્કર પર હુમલા બંધ નહીં થાય તો ક્રુડના ભાવ 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. 28 માર્ચે અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી ક્રુડના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. 4 મેના રોજ ભાવ 114 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો.

સાક્સે વધુમાં કહ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોની ઘટનાક્રમ સુચવે છે કે જહાજોની અવરજવરની દ્રષ્ટિએ અવરોધો વધી રહ્યા છે. હોર્મુઝની સામુદ્રધુની અમેરિકા અને ઈરાન વચ્ચે અટવાઈ ગઈ છે. સામાન્ય દિવસોમાં વિશ્વનું લગભગ 20 ટકા ઓઈલ આ માર્ગેથી પસાર થાય છે. પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધને કારણે આ માર્ગે ઓઈલનો પુરવઠો નહીંવત રહ્યો છે.

ક્રુડ ઓઈલના ભાવ ફરીથી 100 ડોલરની નજીક બોલી રહ્યો છે, તે ગમે તે ઘડીએ 100 ડોલરને પાર કરી દેશે, આ સપાટી કુદાવશે તો ભારત સહિતના આયાતકાર દેશોની સ્થિતિ ખૂબજ ખરાબ થઈ શકે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું તે પહેલા બ્રેન્ટ ક્રુડ લગભગ 71 ડોલરની આસપાસ હતું, આનો અર્થ એ છે કે તે સ્તરથી લગભગ 40 ટકા ઉપર છે. આ પહેલા ભારતમાં મોંઘા ક્રુડને કારણે ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ પેટ્રોલ-ડિઝલના ભાવમાં ચાર ગણો વધારો કર્યો હતો. જો કિંમત જલદી ઓછી નહીં થાય તો ઓઈલ માર્કેટીંગ કંપનીઓ ફરીથી પેટ્રોલ, ડિઝલ, સીએનજી અને પીએનજીના ભાવમાં વધારો કરી શકે છે. આની અસર પરિવારોના બજેટ પર પડશે.

# ડિફેન્સ સ્ટોક્સમાં ધમાકો: HALનો શેર 5039ની સપાટીએ

**રૂ. 1.10** લાખ કરોડના સંરક્ષણ ઉપકરણો ખરીદવાની મંજુરીએ ડિફેન્સ શેરો ઉછળ્યા

મુંબઈ, તા. 8ઃ સરકારની ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સીલે રૂ. 1.1 લાખ કરોડના સંરક્ષણ ઉપકરણો ખરીદવાના પ્રસ્તાવને મંજુરી આપી છે. જેમાં એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર ખરીદવાની દરખાસ્ત સામેલ છે. જેનાથી એચએએલને આનાથી ફાયદો થશે.

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ.ના શેરમાં 4 ટકાનો ઉછાળો આવ્યો હતો. આજથી દિવસ દરમ્યાન રૂ. 5039 પર પહોંચી હતી. આ વર્ષે એટલે કે 2026માં એચએએલના શેરમાં 14 ટકાથી વધુનોવધારો થયો છે. એચએએલ એક સરકારી કંપની છે. તે ફાઈટર જેટ અને હેલિકોપ્ટર સહિતના ઘણા સંરક્ષણ સાધનોનું ઉત્પાદન અને જાળવણી કરે છે. બ્રોકરેજ હાઉસીસના કહેવા અનુસાર આવનારા દિવસોમાં એચએએલની કિંમત નવી ઉંચાઈ હાંસલ કરી શકે છે. જે રૂ. 5500 સુધી પહોંચી શકે છે. આજે આ સિવાયની અન્ય ડિફેન્સ કંપનીઓમાં પણ કરન્ટ જોવાયો હતો, જેઓના શેરોના ભાવમાં પણ 2થી 3 ટકાનો ઉછાળો આવ્યો હતો.

## સેમસંગ ઈન્ડિયામાં છટણીની ગાજ

નવી દિલ્હી, તા. 8ઃ ખર્ચમાં વધારો અને ધીમી વેચાણની બેવડી અસરનો સામનો કરી રહેલી ઈલેક્ટ્રોનિક્સ જાયન્ટ સેમસંગ ઈન્ડિયાએ ભારતમાં નોકરીઓમાં કાપ મુકવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. કંપની તેના ટેલિવિઝન અને હોમ એપ્લાયન્સીસ બિઝનેસમાંથી અધિકારીઓ અને કર્મચારોની છટણી કરી રહી છે. સુત્રો અને મીડિયા રિપોર્ટસ અનુસાર અત્યાર સુધીમાં અલગ અલગ સ્તરના લગભગ 80થી 100 અધિકારીઓને કંપની છોડવા માટે કહેવામાં આવ્યું છે. પ્રભાવિત કર્મચારીઓમાં સેમસંગ ઈન્ડિયા હેડકવાર્ટરમાં તૈનાત ડિરેક્ટર લેવલના અધિકારીઓ અને ટીમ લીડર્સ ઉપરાંત બ્રાન્ચ અને એરિયા મેનેજર્સનો પણ સમાવેશ થાય છે.